# કોરોના વાઇરસને ધ્યાનમાં રાખી SSIUનાં સ્ટુડન્ટ્સ માટે ઈ-લર્નિંગ સેશન શરૂ કરાયા

વિશ્વભરમાં હાલ જ્યારે કોરોના વાઈરસના ચેપ લાગવાનો ભય છે જેના લીધે શૈક્ષણિક કાર્ય પણ બંધ રાખવાની ફરજ પાડવામાં આવી છે ત્યારે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી દ્વારા સ્ટુડન્ટ્સ માટે ઈ-લર્નિંગની પહેલ કરવામાં આવી છે. સ્ટુડન્ટ્સનું સ્ટડી ડિસ્ટર્બ ના થાય તે હેતુથી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટીનાં અધ્યાપકો સ્ટુડન્ટ્સે વ્હોટ્સએપ ગ્રૂપમાં લેક્ચરનાં વિડિયો રેકોર્ડિંગ કરીને મોકલી રહ્યાં છે. વેબિનાર અને લર્નિંગ લિંક્સ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન માધ્યમ દ્વારા ઘરે બેઠા શૈક્ષણિક કાર્ય શક્ય કરી આપવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્ટુડન્ટ્સને મૂંઝવતા પ્રશ્નો માટે સ્કાઈપ પર ક્વેશ્ચન આન્સર સેશન ગોઠવવામાં આવ્યું છે. એકેડેમિક ટાઈમ ટેબલ ક્લાસરૂમમાં અનુસરાતુ હતું તે જ પ્રમાણે સ્ટુડન્ટ્સાં સેશન ઈ-લર્નિંગનાં માધ્યમથી અભ્યાસ શરૂ રાખવામાં આવ્યો છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ ઈનોવેશન યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ, ડિઝાઈન, આયુર્વેદિક, નર્સિંગ, હોમિયોપેથી, ફિઝિયોથેરાપી, સાયન્સ, બિઝનેસ વગેરે જેવી બ્રાન્ચનાં સ્ટુડન્ટ્સ સ્ટડી કરી રહ્યાં છે. જે દરેક બ્રાન્ચનાં સ્ટુડન્ટ્સ માટે આ ઈ-લર્નિંગ સ્ટડીની વ્યવસ્થા કરવામાં આવી છે.કોરોના વાઈરસની સાવચેતીનાં ભાગરૂપે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટીએ આસપાસનાં ગામડાનાં રહિશોમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તેમજ હોમિયોપેથીક હોસ્પિટલનાં ડૉક્ટર અને સ્ટુડન્ટ્સની ટીમ દ્વારા ૨૩ માર્ચનાં રોજ પ્રાથમિક શાળા, સૈજપુર-ગોપાલપુર, પીરાણા રોડ ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવશે. જેમાં કોરોના વાઈરસ સામે રક્ષણ આપતી દવાનું વિના મૂલ્યે વિતરણ પણ કરવામાં આવશે.